પ્રદીપ ગુર્જર

નેત્રંગ મુખ્ય કુમાર પ્રાથમિક શાળાના લોકાર્પણ બાદ પણ કામગીરી અધૂરી

ધૂળ અને રેતીના ઢગલાથી વિદ્યાર્થીઓ પરેશાન

નેત્રંગ: નેત્રંગ નગરના ગ્રામ પંચાયત સેવા સદન પાછળ આવેલી ઐતિહાસિક મુખ્ય કુમાર અને કન્યા પ્રાથમિક શાળા હાલ વહીવટી બેદરકારીનો નમૂનો બની રહી છે. શાળાનું વર્ષો જૂનું જર્જરિત મકાન તોડીને તેના સ્થાને આધુનિક સુવિધા સજ્જ નવું બિલ્ડિંગ તૈયાર કરવામાં આવ્યું છે. તાજેતરમાં જ ઝઘડિયા વિધાનસભાના ધારાસભ્ય રિતેશભાઈ વસાવાના હસ્તે આ નૂતન ભવનનું ધામધૂમથી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જો કે, આશ્ચર્યની વાત એ છે કે ઉદઘાટન થઈ ગયું હોવા છતાં કમ્પાઉન્ડ અને અન્ય આનુષંગિક કામગીરી હજુ પણ અધૂરી છે.

લોકાર્પણ બાદ પણ શાળાના મુખ્ય પ્રવેશદ્વાર અને મેદાનમાં બાંધકામની સામગ્રી જેવી કે રેતી અને ડસ્ટના મોટા ઢગલા ખડકી દેવામાં આવ્યા છે. આ સ્થિતિને કારણે શાળામાં અભ્યાસ માટે આવતાં ભૂલકાઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. બાળકોને ફરજિયાતપણે આ રેતી અને ધૂળવાળા રસ્તા પરથી પસાર થઈને વર્ગખંડમાં જવું પડે છે, જેના કારણે તેમના પગ ગંદા થાય છે અને મોંઘાં સ્કૂલ યુનિફોર્મ પણ બગડી રહ્યાં છે. ઉનાળાની શરૂઆત સાથે જ ઊડતી ડસ્ટને કારણે બાળકોનાં સ્વાસ્થ્ય પર પણ જોખમ ઊભું થયું છે. છેલ્લા કેટલાય દિવસોથી ચાલી રહેલી આ અસુવિધાને લઈ વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. થોડા જ દિવસોમાં શાળાઓમાં વાર્ષિક પરીક્ષાઓ શરૂ થનાર છે, ત્યારે શું આ અધૂરી કામગીરી પરીક્ષા પહેલા પૂર્ણ થશે કે કેમ? તે પ્રશ્ન વાલીઓમાં ચર્ચાનો વિષય બન્યો છે. સ્થાનિકોની માંગ છે કે તંત્ર દ્વારા માત્ર કાગળ પર કે ઉત્સવોમાં જ વિકાસ બતાવવાને બદલે, પ્રત્યક્ષ કામગીરી વહેલી તકે પૂર્ણ કરે.

સ્માર્ટ મીટરનો 'કરંટ': અંકલેશ્વરમાં 15 દિવસમાં બે બિલ આવી ગયાં!

3 દિવસમાં બિલ ન ભરે તો પાવર કટનું પણ સ્માર્ટ સેટિંગ

ભરૂચ: અંકલેશ્વર પંથકમાં સ્માર્ટ મીટર પ્રણાલીએ બિલ બાબતે વિવાદો સર્જાયો છે. સરગમ રેસિડેન્સી અને ગાયત્રીનગર સોસાયટીના રહીશો છેલ્લા 15 દિવસમાં બે લાઇટ બિલ પધરાવતા ગ્રાહકો અવઢવમાં આવી ગયા છે. સોસાયટીના DGCVLના ઘણા ગ્રાહકોને જાન્યુઆરી-26 મહિનાનું બિલ 1લી માર્ચે મળતાં તરત જ બિલ ભરી દીધું હતું. તેઓને આશા હતી કે હવે બીજું બિલ એપ્રિલમાં આવશે. પણ કમનસીબે પંદરમાં દિવસે એટલે કે 15 માર્ચે ફેબ્રુઆરી મહિનાનું બીજું બિલ આવતા તેઓ ગૂંચવાઈ ગયા હતા. તેમને થયું કે માંડ 15 દિવસમાં બે વખત બિલ આવતાં અસમંજસમાં આવી ગયા હતા.

આ વીજ કંપનીના જવાબદાર એન્જિનિયરે જણાવ્યું કે, કોઈ ટેક્નિકલ કારણોસર બિલ ડીલે (મોડું) થયું છે. જેથી થોડા જ સમયાંતરે બે બિલો આપવા પાડ્યાં. પણ હવેથી દર મહિને એક જ બિલ આપવાનો સધિયારો આપ્યો હતો. બીજી તરફ સામાન્ય લોકો પર સામટા બબ્બે બિલો ભરવાની નોબત આવી હતી.

વધુ ચિંતાજનક વાત તો એ છે કે, જો ગ્રાહકો લગભગ 3 દિવસની અંદર આ બિલ ભરવામાં નિષ્ફળ જાય, તો સ્માર્ટ મીટર સિસ્ટમ ઓટોમેટિક રીતે વીજ પુરવઠો બંધ કરી દેશે તેવી પણ ગર્ભિત ધાક તોળાઈ રહેલી છે. આ પરિસ્થિતિમાં સોસાયટીના ગ્રાહકો મૂંઝવણમાં મુકાયા છે. એકસાથે બે બિલ ચૂકવવાની ફરજ અને તેના પર 3 દિવસની કડક સમયમર્યાદાને કારણે DGVCLના ગ્રાહકોમાં ભારે નારાજગી છે.

પીડિત ગ્રાહકોનો સીધો સવાલ છે કે, કંપનીવાળાઓની ખામી માટે સામાન્ય જન શા માટે દંડ ભોગવે? જો આ જ રીતે સ્માર્ટ મીટર પ્રણાલીનો અણઘડ અમલ ચાલુ રહેશે, તો આવનારા આકરા ઉનાળામાં વીજ પુરવઠાની અનિશ્ચિતતા વચ્ચે લોકોને ગરમીમાં શેકાવાનો વારો આવે એમ લાગે છે.

ડેડિયાપાડામાં અકસ્માતમાં બાઈક ચાલક ઘાયલ

ડેડિયાપાડા: ડેડિયાપાડાના મોતીનગર ત્રણ રસ્તા પાસે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક મોટરસાઇકલ ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સોલિયા ગામનો રાહુલભાઈ કનુભાઈ વસાવા ડ્રાઈવિંગ કરીને ગુજરાન ચલાવે છે. તા-6ઠ્ઠી માર્ચના રોજ સવારે તેમના બનેવીની ઈકો વાન નં.(GJ-22-A-5471) લઈને ડેડિયાપાડા બજારમાં કામ અર્થે ગયા હતા. ડેડિયાપાડાના લીમડા ચોક પાસે તેઓના પિતરાઈ બહેન સહિત ત્રણ મહિલા બેસાડીને સોલિયા ગામે જવા નીકળ્યા હતા. એ વેળા મોતીનગર ત્રણ રસ્તા પાસે સામેથી મોટરસાઇકલ નં.(GJ-22-AA-5215)ના ચાલક સહિત ત્રણ જણા સવાર પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવ્યો હતો. દરમિયાન તેણે સામેથી આવતી ફરિયાદીની ઈકો ગાડી સાથે અકસ્માત કર્યો હતો. આ અથડામણમાં બાઇકચાલકને માથાના પાછળના ભાગે અને ડાબા પગની સાથળના ભાગે ફ્રેક્ચર તેમજ શરીરે ઓછી-વત્તી ઈજાઓ થઈ હતી. આ બાબતે ઈકો વાન ચાલકે ડેડિયાપાડા પોલીસમાં ફરિયાદ કરતા બાઇક ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

અંકલેશ્વરમાં કાચ તોડી ચોર 38 લાખની કાર હંકારી ગયા

ઓમ બંગ્લોઝ પાસે રાત્રે તસ્કરોએ ખેલ પાડ્યો

અંકલેશ્વર: અંકલેશ્વર જી.આઇ.ડી.સી. વિસ્તારમાંથી એક મોંઘીદાટ ફોર વ્હીલ કારની ચોરીની ઘટના સામે આવી છે, જેના કારણે વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ અંકલેશ્વર જી.આઇ.ડી.સી. માં વ્યવસાય કરતા એક ઉદ્યોગપતિના ઘરે પાર્ક કરેલી ટોયોટા ફોર્ચુનર કાર નં.(જીજે-16-ડીકે-6687) અજાણ્યા ચોરો દ્વારા ચોરી કરવામાં આવી હતી. કારની અંદાજિત કિંમત રૂ. 38 લાખ હોવાનુ જાણવા મળે છે. ઉદ્યોગપતિનો પુત્ર ગત તા.17 માર્ચની રાત્રે કાર લઈને જોગર્સ પાર્ક સુધી ગયો હતો અને રાત્રે લગભગ 11 વાગ્યે ઘરે પરત આવી કાર ઘર આગળ પાર્ક કરી હતી. બાદ સવારના સમયે પરિવારજનો બહાર નીકળતા કાર ત્યાં જોવા મળી ન હતી.

સ્થળ પર તપાસ કરતા કારના તૂટેલા કાચ જમીન પર પડેલા જોવા મળ્યા હતા, જે પરથી ચોરી પહેલા તોડફોડ કરવામાં આવી હોવાનો અંદાજ છે. પરિવારજનો દ્વારા આસપાસ શોધખોળ કરવા છતાં કારનો કોઈ પત્તો મળ્યો નહોતો.

આ બનાવ રાત્રે 11 વાગ્યાથી સવારે 7 વાગ્યાની વચ્ચે અંકલેશ્વર જી.આઇ.ડી.સી. વિસ્તારમાં આવેલા ઓમ બંગ્લોઝ પાસે બન્યો હોવાનું જણાવાયું છે. આ બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે અને પોલીસેસીસીટીવી ફૂટેજ મેળવી અજાણ્યા ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વિસ્તારમાં વધતી ચોરીની ઘટનાઓને લઈને સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

તેનમાં સ્પીડમાં જતી કારે બેને અડફેટે લીધા, શ્રમિકનું મોત

કારે રાહદારીને અડફેટે લીધા બાદ બાઇકને પણ ઉડાવી

બારડોલી: બારડોલીને અડીને આવેલા તેન ગામની સીમમાં બારડોલીથી કડોદરા જતાં માર્ગ પર મંગળવારે સાંજે સાત વાગ્યાના અરસામાં બારડોલીથી કડોદરા તરફ પૂરઝડપે જતી એક કારના ચાલકે રાહદારીને ટક્કર મારી હતી. બાદ બેકાબૂ કારે રોડ પરથી પસાર થતાં બાઇક નં.(જીજે 19 એએન 2775)ના ચાલક યોગેશ ધનરાજ બાવીષ્કર (ઉ.વ.30) (રહે., શિરડીધામ સોસાયટી, ગંગાધરા, કારેલી, તા.પલસાણા)ને ટક્કર મારી હતી. યોગેશ ટાટા મોટર્સના શો-રૂમમાં કસ્ટમર એડ્વાઇઝર તરીકે નોકરી કરે છે. યોગેશને તાત્કાલિક બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેને મોંના ભાગે ફ્રેક્ચર અને શરીરના અન્ય ભાગોમાં સામાન્ય ઇજાનું નિદાન થયું હતું. બીજી તરફ રાહદારીને બારડોલીની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. મૃતકની ઓળખ જાલમસિંગ ધનિયાભાઈ વસાવા (ઉ.વ.40) (હાલ રહે., બાલાજી એગ્રો, તેન, મૂળ રહે.,પાટ, તા.સાગબારા, જિ.નર્મદા) તરીકે થઈ હતી. તે પૌવા ફેક્ટરીમાં મજૂરીકામ કરતો હતો. બારડોલી ટાઉન પોલીસે યોગેશના કાકાની ફરિયાદના આધારે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કણાવમાં ઊભેલા ટેન્કરે માલોઠાના યુવાનનો ભોગ લીધો, બે ઘાયલ

પલસાણામાં નોકરી પરથી પરત જતી વેળા અકસ્માત સર્જાયો

પલસાણા: પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં નેશનલ હાઈવે નં.૫૩ પર બુધવારે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પલસાણાથી બારડોલી જતા માર્ગ પર કણાવમાં વર્ધમાન પેટ્રોલ પંપ સામે એક અજાણ્યા કન્ટેનરની પાછળ મોટરસાઇકલ અથડાતાં ચાલકનું મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ સવાર બે યુવકને ઇજા થતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર વ્યારાના માલોઠા ગામનો રહેવાસી દિવ્યેશકુમાર દીપકભાઈ ચૌધરી પલસાણાની સેડોફેક્સ કંપનીમાં પોતાની નોકરી પૂર્ણ કરી ઘરે પરત ફરી રહ્યો હતો. તેની હીરો મોટરસાઈકલ નં.(GJ-26-AJ-2570) પર અન્ય બે મિત્રો, પંકજભાઈ ગામીત અને વૈભવભાઈ ચૌધરી પણ પાછળ બેઠેલા હતા.

સવારે આશરે ૮:૧૫ વાગ્યે હાઈવે પર એક કન્ટેનર ચાલકે પોતાનું વાહન અન્ય વાહનોને અડચણરૂપ થાય તે રીતે ઊભું રાખ્યું હતું. દિવ્યેશની બાઈક આ કન્ટેનરના પાછળના ભાગે અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ટક્કરમાં દિવ્યેશને માથા અને મોંના ભાગે જીવલેણ ઇજા થતાં તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલા બંને મિત્રને નાની-મોટી ઈજા પહોંચી હતી. આ બનાવને પગલે પરિવારમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી. અકસ્માત બાદ કન્ટેનર ચાલક પોતાનું વાહન લઈને બારડોલી તરફ નાસી છૂટ્યો હતો.

મૃતકના સાવકા ભાઈ અનીશભાઈ છનાભાઈ ચૌધરીએ આ અંગે પલસાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગરૂડેશ્વરમાં કાર-બાઈક અથડાતાં એકનું મોત, મિત્ર ઘાયલ

કોયારી બસ સ્ટેન્ડ નજીકથી પસાર થતી વેળા કારચાલકે અડફેટે લીધા

રાજપીપળા: ગરૂડેશ્વરના કોયારી બસ સ્ટેન્ડ નજીક અકસ્માતમાં ૨૦ વર્ષીય યુવાનનું મોત નીપજ્યું હતું. આ બનાવમાં એકતાનગર ટ્રાફિક પોલીસ મથકે અર્ટિગા કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

ગરૂડેશ્વરના ખડગદા ગામના રહીશ અશ્વિનભાઈ તડવીનો પુત્ર અજીત (ઉ.વ.૨૦) તેના મિત્ર સાજન તડવી (ઉ.વ.20) સાથે હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં.(GJ 06 JH 2827) પર પસાર થઈ રહ્યો હતો. સોમવારે સાંજે આશરે ૫ વાગ્યાના સુમારે ગરૂડેશ્વર કોયારી બસ સ્ટેન્ડ પાસેના કટ પર એક પૂરઝડપે આવતી અર્ટિગા કાર નં.(GJ 06 PK 8516) એ બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં અજીત અને સાજન બંનેને માથા તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચતાં તેઓ બેશુદ્ધ થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ મારફતે પ્રથમ ગરૂડેશ્વર અને ત્યારબાદ રાજપીપળા સિવિલમાં ખસેડાયા હતા. વધુ સારવાર માટે તેઓને વડોદરાની SSG હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ટૂંકી બીમારી બાદ અજીતનું મોત નીપજ્યું હતું. પોલીસે અર્ટિગા કારના અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં પીએસઆઈ જે.કે. નીનામા આ કેસની તપાસ ચલાવી રહ્યા છે.

ભરૂચ રેલવે સ્ટેશને GFL કર્મીનો મોબાઈલ ચોરાયો

ભરૂચ: મૂળ છત્તીસગઢના બિલાસપુર જિલ્લાના ખૈરા પોંડી ગામના વતની અને દહેજ ખાતે GFL-2 કંપનીમાં હેલ્પર તરીકે કામ કરતા 20 વર્ષીય લલિતકુમાર રામલાલ શાહુ તા.18મીના રોજ રાઉરકેલા જવા માટે ભરૂચ રેલવે સ્ટેશન પર આવ્યા હતા. મુસાફર ખાનામાં ટ્રેનની રાહ જોતી વખતે તેને ઝોકું આવી જતાં તે ત્યાં જ સૂઈ ગયો હતો. રાત્રે આશરે 2 વાગ્યાના સુમારે જ્યારે તે જાગ્યો ત્યારે તેના પેન્ટના ખિસ્સામાં રાખેલો 26000ની કિંમતનો POCO X7 PRO મોબાઈલ ફોન ગાયબ હતો. તપાસ કરતાં પણ મોબાઈલ ન મળતાં આખરે આ મામલે તેણે ભરૂચ રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અંકલેશ્વર વિસ્તારમાં રખડતું જીવન જીવતા અને મૂળ રતલામના વતની 45 વર્ષીય નારાયણ ચારણ સામે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

'તારે મરવું હોય તો મરી જા, હું બીજી લાવીશ': પતિનો પત્નીને ત્રાસ

દહેજની માંગ પૂરી ન થતાં ભરૂચમાં સાસરિયાએ પરિણીતાને આપઘાત માટે ઉશ્કેરી, પોલીસ ફરિયાદ

ભરૂચ: શહેરના શ્રવણ ચોકડી વિસ્તારમાં દહેજ અને શારીરિક ત્રાસથી કંટાળી પરિણીતાએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પતિએ પત્નીના મોતની ચિંતા ન કરતાં તેને જાતે ડેટોલની બોટલ પકડાવીને 'તું મરી જા, હું બીજી પત્ની લઈ આવીશ' તેવું કહી ઉશ્કેર્યાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

ભરૂચમાં શ્રવણ ચોકડી સ્થિત અભિષેક કોલોની રહેતી મેઘાબેનનાં લગ્ન ગત તા.30 મે, 2025ના રોજ ગોધરા ખાતે રહેતા જતીનભાઈ વણજારા સાથે થયાં હતાં. ધૂળેટીના દિવસે પણ ફોનને લઈને થયેલા ઝઘડામાં પતિએ મેઘાબેનને લાકડીએ માર માર્યો હતો. ફરિયાદમાં આ ત્રાસ અંગે સાસુ લખુબેન વણજારા, સસરા તેજાજી વણજારા અને નણંદ જ્યોતિબેનને વાત કરતાં તેઓએ પણ પરિણીતાને મારવાની ધમકી આપી હતી. વધુમાં સાસરિયાં અવારનવાર છૂટાછેડા લેવા દબાણ કરતા હતા અને જો છૂટાછેડા માંગે તો આપતી વખતે તારા બાપ પાસેથી 1 કરોડ રૂપિયા લઈશું.

શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળી ભરૂચ પિયરમાં આવી ગયા હતા. બાદ થોડા દિવસ પછી પતિ જતીનભાઈ અને સસરા તેજાજી ભરૂચ આવ્યા હતા. ત્યારે મનાવવાના બહાને "તારે આવવું છે કે કેમ?" પૂછતા હતા. દરમિયાન મેઘાબેને પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી વિશે પૂછપરછ કરતાં પતિ ઉશ્કેરાઈ ગયો હતો. આક્રોશમાં આવી તે બાથરૂમમાંથી ડેટોલની બોટલ લઈ આવ્યો અને પત્નીને આપતાં કહ્યું કે, તારે મરવું હોય તો મરી જા, મેં બીજી રાખી છે, તેને લઈ આવીશ. પતિના આવું કહેવાથી મેઘાબેને ડેટોલ અને શેમ્પુ પી લીધું હતું. જેના પગલે તબિયત લથડતાં મેઘાબેનને ભરૂચની જલારામ હોસ્પિટલમાં સઘન સારવાર હેઠળ દાખલ કરાયાં છે, જ્યાં પીડિતાની ફરિયાદના આધારે એ ડિવિઝન પોલીસમાં પતિ જતીનભાઈ વણજારા, સસરા તેજાજી, સાસુ લખુબેન અને નણંદ જ્યોતિબેન સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

કોસંબામાં આગામી તહેવારો પૂર્વે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

કોઈને અડચણ ન થાય તે રીતે તહેવારોની ઉજવણી કરવા પોલીસ પ્રશાસનનો અનુરોધ

ઈબ્રાહીમ કાનુ

હથોડા: આગામી સમયમાં આવી રહેલા મુસ્લિમ સમુદાયના પવિત્ર ઈદના તહેવાર અને હિન્દુ ધર્મના આસ્થા સમાન રામનવમીના પર્વને અનુલક્ષીને કોસંબા પોલીસ મથક ખાતે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. કોસંબાના PI રાકેશ મારુના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં બંને કોમના અગ્રણીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કોસંબા પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં આયોજિત આ મિટિંગમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા PI રાકેશ મારુએ જણાવ્યું હતું કે, ઈદ અને રામનવમીના તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં અને પરસ્પર ભાઈચારા સાથે ઉજવાય તે માટે તમામ જ્ઞાતિના લોકોએ સહયોગ આપવો જોઈએ. એકબીજાના ખભે ખભા મિલાવીને તહેવારોની ઉજવણી એવી રીતે કરવી જોઈએ કે જેથી રોડ પર ટ્રાફિક વ્યવસ્થા ન ખોરવાય અને સામાન્ય જનતાને કોઈ અડચણ ઊભી ન થાય.

વધુમાં તેમણે સોશિયલ મીડિયાના દુરુપયોગ અંગે ચેતવણી આપતા ઉમેર્યું હતું કે, વોટ્સએપ કે અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કેટલાંક અસામાજિક તત્ત્વો દ્વારા ફેલાવવામાં આવતી ઉશ્કેરણીજનક પોસ્ટ કે ખોટી અફવાઓથી લોકોએ ભરમાવવું જોઈએ નહીં. જો કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા તેમણે સૂચન કર્યું હતું. પોલીસ પ્રશાસન દ્વારા જનતાની સુરક્ષા અને સલામતીની ખાતરી અપાતાં લોકોમાં રાહતની લાગણી જોવા મળી હતી. આ બેઠકમાં કોસંબા અને તરસાડીના પ્રતિષ્ઠિત નાગરિકોએ પણ પોલીસને પૂરતો સહકાર આપવાની ખાતરી ઉચ્ચારી હતી.

અંકલેશ્વરમાં 'તેરા તુઝકો અર્પણ' કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર: અંકલેશ્વર GIDC પોલીસે CEIR પોર્ટલની મદદથી ગુમ થયેલા 12 મોબાઈલ ફોન શોધી કાઢી તેમના મૂળ માલિકોને પરત કર્યા છે. આ મોબાઈલ ફોનની કુલ કિં.રૂ.2.34 લાખ આંકવામાં આવી છે. આ કામગીરી અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસમથકના પી.આઈ. આર.એચ.વાળા અને સેકન્ડ પી.આઈ. એમ.જી.રાઠોડના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.